" સમાચાર નહીં, સાહસની વાર્તા "

# ટ્રેન્ડ ગુજરાત

Daily Trend Gujarat

તંત્રી-માલિક-પ્રકાશક: રીજવાન મનસુરી ● PRGI Registration Number : GJGUJ/25/A3847 ● E-mail : trendgujarat024@gmail.com ● Web www.trendgujarat.tmlive.in

● Year : 01 ● Edition : 28 ● Date 07-1-2026, Wednesday ● Page : 4 ● Price : Rs.1 ● Annual : Rs. 360 ● Editor : RIJVAN MANSURI Mo: 9913720273

# વેનેઝુએલામાં અમેરિકાની કાર્યવાહીથી ક્યુબાના રાજદૂત ભડક્યા




ભારતમાં ક્યુબાના રાજદૂતે વેનેઝુએલામાં અમેરિકાની કાર્યવાહીની આકરા શબ્દોમાં ટીકા કરી છે. તેમણે આ કાર્યવાહીને ગુનાઈત અને આતંકી કૃત્ય ગણાવીને કહ્યું કે, અમેરિકાએ સંયુક્ત રાષ્ટ્રના નિયમો અને આંતરરાષ્ટ્રીય કાયદાનું ઉલ્લંઘન કર્યું છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશ બાદ અમેરિકન સેનાએ ત્રીજી જાન્યુઆરીએ વેનેઝુએલામાં ઘૂસી રાષ્ટ્રપ્રમુખ નિકોલસ માદુરો અને તેમની પત્ની સિલિયા ફ્લોરેસની ધરપકડ કર્યા બાદ વિશ્વભરમાં ખળભળાટ મચ્યો છે. ટ્રમ્પે જાહેર કરી છે કે, માદુરો અને ફ્લોરેસ વિરુદ્ધ ન્યૂયોર્કમાં માદક પદાર્થ-આતંકવાદના આરોપો મામલે કેસ ચલાવવામાં આવશે.

**અમેરિકાનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયે એક થવાની જરૂર : ક્યુબાના રાજદૂત**

સમાચાર એજન્સી પીટીઆઈને આપેલા ઈન્ટરવ્યૂમાં ક્યુબાના રાજદૂત જુઆન કાર્લોસ માર્સેન એગુઈલેરાએ કહ્યું કે, 'કોઈ એક દેશ અમેરિકાની એકતરફી કાર્યવાહીને ન અટકાવી શકે. અમેરિકાના પાગલપણાનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સમુદાયે એક થવાની જરૂર છે. મારું માનવું છે કે, અમેરિકાએ વેનેઝુએલા વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી કરીને ગુનો કર્યો છે. આ એક આતંકી કૃત્ય છે. અમેરિકાએ આંતરરાષ્ટ્રીય કાયદાનું અને સંયુક્ત રાષ્ટ્રના ચાર્ટરના તમામ નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. અમેરિકાએ સંપ્રભુ દેશ વિરુદ્ધ એકતરફી કાર્યવાહી કરી છે.'

**કોઈ એક દેશ અમેરિકાને ન અટકાવી શકે : એગુઈલેરા**

ક્યુબાના રાજદૂતે અમેરિકન ટેરિફ યુદ્ધ, ઈરાનને ધમકીઓ અને સૈન્ય હુમલાઓનો ઉલ્લેખ કર્યો છે અને તેમણે વિશ્વએ એક થવાની જરૂર હોવાની બાબત પર ભાર મૂક્યો છે. તેમણે કહ્યું કે, 'મને લાગે છે કે, કોઈપણ એક દેશ અમેરિકાને અટકાવી ન શકે. તેમને અટકાવવા માટે તમામે એક થવું જરૂરી છે. આ એકતાનો સમય છે. અમેરિકાની આ કાર્યવાહીથી વિશ્વને એક ખતરનાક સંકેત મળ્યો છે.

**વિશ્વને ભારતની જરૂર : ક્યુબાના રાજદૂત**

ક્યુબાના રાજદૂતે વૈશ્વિક રાજનીતિમાં ભારતની કેન્દ્રીય ભૂમિકા પર ભાર મુકતા કહ્યું કે 'અત્યારે દુનિયાને ભારતની અત્યંત જરૂર છે. ભારત એક મોટી શક્તિ તરીકે સંતુલન જાળવી શકે છે અને ગ્લોબલ સાઉથના અવાજ તરીકે ભારત ભવિષ્યમાં વધુ મજબૂત બનીને ઉભરશે. અમને ભારતની જરૂર છે, જેનાથી આપણે તે સંતુલન બનાવી શકીશું, જે વિશ્વને જરૂર છે.'

# સુરતમાં ૧૭ વર્ષીય દીકરીને ફસાવનાર નરાધમ ઝડપાયો

સુરત,

માસૂમ દીકરીઓ પર વધતા અત્યાચાર વચ્ચે સુરતમાંથી વધુ એક ચોંકાવનારી ઘટના સામે આવી છે. સુરતના એક વિસ્તારમાં રહેતી ૧૭ વર્ષીય પાટીદાર સમાજની સગીરાનું અપહરણ કરનાર શખ્સને પોલીસે ગણતરીના કલાકોમાં ઝડપી પાડ્યો છે. આરોપીની ઓળખ અરવિંદ તરીકે થઈ છે.

આરોપી અરવિંદે સગીરાને લગ્નની લાલચ આપી અને ખોટા પ્રેમનો દેખાડો કરીને તેનું અપહરણ કર્યું હતું.અપહરણ બાદ તેણે સગીરાની મરજી વિરુદ્ધ તેની સાથે દુષ્કર્મ આચર્યું હોવાનુ પણ પોલીસ તપાસમાં ખુલ્યું છે. જ્યારે દીકરી ગુમ થઈ ત્યારે પરિવારજનોએ તાત્કાલિક પોલીસનો સંપર્ક કર્યો હતો.

આરોપી અરવિંદ પોતે પરણેલો છે અને બે સંતાનોનો પિતા હોવા છતાં, તેણે પોતાની અસલી ઓળખ છુપાવીને સગીરાને પ્રેમજાળમાં ફસાવી હતી.

આ ઘટનાની જાણ થતા જ પાટીદાર સમાજ સહિત સ્થાનિક લોકોમાં ભારે રોષ જોવા મળ્યો હતો. મોટી સંખ્યામાં લોકોએ એકઠા થઈને પોલીસ સ્ટેશનનો ઘેરાવ કર્યો હતો અને આરોપીને કડકમાં કડક સજા થાય તેવી માંગ કરી હતી. લોકોના દબાણ અને મામલાની ગંભીરતા જોતા પોલીસે અલગ-અલગ ટીમો બનાવી આરોપીને શોધી કાઢ્યો હતો.

# માનવભક્ષી સિંહણને બેભાન કરવાની ગોળી ટ્રેકરને વાગી જતા થયું મોત



## માનવભક્ષી સિંહણને પાંજરે પુરવા ગયેલી વન વિભાગની ટીમને તેમના એક સહકર્મીને ગુમાવવાનો વારો આવ્યો

જુનાગઢ, તા.૫

ગીરમાંથી એક અત્યંત કરૂણ ઘટના ઘટી છે. છેલ્લા કેટલાક દિવસોથી વિસાવદરના નાની મોણપરી ગામે માનવભક્ષી સિંહણનો ત્રાસ વધ્યો છે. આ સિંહણ ૪ વર્ષના એક માસૂમને ઉઠાવી ગઈ જતા તેનુ મોત થયુ હતુ. જે બાદ વનવિભાગની ટીમે આ માનવભક્ષી સિંહણને પકડવા માટે ઓપરેશન હાથ ધર્યુ હતુ. આ દરમિયાન સિંહણ સામે આવી જતા વેટરનરી તબીબે સિંહણને બેભાન કરવા માટે ટ્રાક્વીલાઈઝર ગનથી ફાયર કર્યુ હતુ. જો કે સિંહણ દૂર ખસી જતા સામે ઉભેલા ટ્રેકરને આ ગોળી વાગી ગઈ હતી અને ટ્રેકરનું એક દિવસની સારવાર દરમિયાન મોત નિપજ્યુ છે.

રવિવારે વિસાવદરના નાની મોણપરી ગામે ૪ વર્ષના શિવમ નામના બાળકને સિંહણે ફાડી ખાતા સમગ્ર પંથકમાં ફફડાટ વ્યાપી ગયો હતો. આ માનવભક્ષી સિંહણને પકડવા માટે વન વિભાગે યુદ્ધના ધોરણે ઓપરેશન હાથ ધર્યું હતું.

સિંહણની લોકેશન મળતા જ તેને બેભાનકરવા માટે વનકર્મીઓ દ્વારા ગન ચલાવવામાં આવી હતી. જોકે, કમનસીબે આ ગનમાંથી છૂટેલું ઈન્જેક્શન સિંહણને લાગવાને બદલે ત્યાં હાજર વન વિભાગના ટ્રેકર અશરફભાઈ ચૌહાણને વાગી ગયું હતું. અશરફ ભાઈના મોતથી સમગ્ર પંથકમાં ગમગીની છવાઈ ગઈ છે.

આ સમગ્ર ઘટના અંગે સી.એફ.એ જણાવ્યુ છે કે અકસ્માતે સિંહણને બેભાન કરવાનું ઈન્જેક્શન ટ્રેકરને લાગ્યું હતુ. મનુષ્ય કરતા પ્રાણીને ચાર ગણો એનેસ્થેસિયાનો ડોઝ આપવો પડે છે. એનેસ્થેસિયાના ઓવરડોઝના કારણે ટ્રેકરનું મોત થયુ છે. આ ઘટનામાં વેટરનરી તબીબની બેદરકારી અંગે પણ તપાસ કરવામાં આવશે.

આ સમગ્ર મામલે વેટરનરી તબીબની બેદરકારી અંગે તપાસ કરવામાં આવશે વનકર્મી અશરફભાઈ સિંહણના પાછળના ભાગે કેમ ઉભા હતા તે અંગ પણ તપાસ કરવામાં આવશે. ટ્રેકરના વીમામાંથી પરિવારને ૧૦ લાખ રૂપિયાની સહાય આપવામાં આવશે. વન વિભાગના અધિકારી તથા કર્મચારીઓ પણ આર્થિક મદદ કરશે. ૨૮ વર્ષીય મૃતક અશરફ વન વિભાગમાં કરાર આધારિત ટ્રેકર તરીકેની ફરજ બજાવતા હતા. તેમને સંતાનમાં ૨ વર્ષની બાળકી છે. હાલ તેમના પરિવારમાં માતમ છવાયો છે.

# ધ્રૂજાવીદેનારી ઘટના : મેં મારી મમ્મી, બહેન અને ભાઈને મારી નાખ્યા

નવી દિલ્હી,

દિલ્હીના લક્ષ્મીનગર વિસ્તારમાં ત્રિપલ મર્ડરની ધ્રૂજાવીદેનારી ઘટના સામે આવી છે. આ ઘટનામાં એક વ્યક્તિએ તેની માતા, બહેન અને ભાઈને મોતને ઘાટ ઉતારી દીધા હતા. પોતાના પરિવારના સભ્યોની હત્યા કર્યા બાદ આરોપી ખુદ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો. આ પછી પોલીસે આરોપીની ધરપકડ કરી હતી અને ઘટનાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વધુ તપાસ હાથ ધરી છે.

મળતી માહિતી મુજબ, દિલ્હીના લક્ષ્મીનગરમાં એક શખસ પોતાના પરિવારની હત્યા કર્યા બાદ પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો અને જણાવ્યું હતું કે, મેં મારી મમ્મી, બહેન અને ભાઈને મારી નાખ્યા... હત્યાના કેસ મામલે પોલીસે આરોપીની ધરપકડ કરીને પૂછપરછ શરૂ છે. જેમાં પોલીસ જાણવાના પ્રયત્ન કરી રહી છે કે, આરોપીએ ચોંકાવનારી ઘટનાને અંજામ કેમ આપ્યું.

સમગ્ર મામલે પોલીસ અધિકારીનું કહેવું છે કે, ઘટનાની માહિતી મળતાં પોલીસની એક ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને મૃતદેહોનો કબજો લઈને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા હતા.

# ભારતીય ક્રિકેટર મોહમ્મદ શમીને ચૂંટણી પંચની નોટિસ

નવી દિલ્હી,

ચૂંટણી પંચે ભારતીય ક્રિકેટર મોહમ્મદ શમી અને તેના ભાઈને SIRની પ્રક્રિયામાં ગરબડના કારણે નોટિસ પાઠવી છે. દક્ષિણ કોલકાતાના જાદવપુર વિસ્તારની એક શાળાએ બંને ભાઈઓને SIR મામલે AERO અધિકારી સામે હાજર થવા આદેશ આપ્યા છે. જોકે શમી વિજય હઝારે ટ્રોફીની મેચ માટે હાલ બંગાળની ટીમ તરફથી રાજકોટમાં છે. રિપોર્ટ અનુસાર મોહમ્મદ શમી અને તેના ભાઈના SIRના ફોર્મમાં ગરબડ મળી છે. નોંધનીય છે કે SIR બાદ ચૂંટણી પંચે ૧૬મી ડિસેમ્બરે બંગાળના મતદારોની ડ્રાફ્ટ યાદી જાહેર કરી હતી. જે બાદ હવે જેમના નામ કપાઈ ગયા છે તેમની સુનાવણી ચાલી રહી છે. નોંધનીય છે કે મોહમ્મદ શમીનો જન્મ ઉત્તર પ્રદેશના અમરોહામાં થયો હતો. જોકે તેઓ ઘણા વર્ષથી કોલકાતામાં જ રહે છે અને તે કોલકાતા નગર નિગમના ૯૩ નંબરના વોર્ડના મતદાર છે. શમી હાલ ઘરેલુ ક્રિકેટ રમી રહ્યો છે. હાલમાં જ ન્યૂઝીલેન્ડ સામે વનડે સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. જેમાં શમીને સ્થાન આપવામાં આવ્યું નથી.

# બાંગ્લાદેશમાં વધુ એક હિન્દુની હત્યા, ભરબજારે મારી ગોળી

ઢાકા, તા.૫

બાંગ્લાદેશમાં હિન્દુઓ પર હુમલા અટકવાનું નામ નથી લઈ રહ્યા. ત્યારે બાંગ્લાદેશમાં હિંસા અને અશાંતિ વચ્ચે વધુ એક હિન્દુની હત્યાથી ખળભળાટ મચી જવા પામ્યો છે. રાણા પ્રતાપ બૈરાગી નામના હિન્દુ વ્યક્તિની હત્યા કરી દેવાઈ છે. આ ઘટના જસોર જિલ્લાના મોનિરામપુરમાં બની છે, જ્યાં ભરબજારમાં રાણા પ્રતાપ બૈરાગીને ગોળી મારીને મોતને ઘાટ ઉતારી દેવાયો છે. જણાવી દઈએ કે, બાંગ્લાદેશમાં ૧૮ દિવસમાં કુલ પાંચ હિન્દુઓની હત્યાથી ખળભળાટ મચી જવા પામ્યો છે. આ ઘટનાઓ લઘુમતી હિન્દુઓની સુરક્ષા પર ગંભીર સવાલ ઉભા કરે છે અને દેશમાં વધતી હિંસાને ઉજાગર કરે છે. શરિયતપુર જિલ્લામાં પેટ્રોલ છાંટીને જીવતા સળગાવી દેવાયેલા હિન્દુ દુકાનદાર ખોખન દાસ આખરે જિંદગીની જંગ હારી ગયા છે. બે દિવસ સુધી ઢાકા મેડિકલ કોલેજ હોસ્પિટલમાં સારવાર લીધા બાદ ૨ જાન્યુઆરીએ તેમનું મૃત્યુ થયું હતું. મળતી માહિતી અનુસાર, ૫૦ વર્ષીય ખોખન દાસ ૩૧ ડિસેમ્બરની રાત્રે પોતાની દવાની દુકાન અને મોબાઈલ બેંકિંગનો નાનો વ્યવસાય બંધ કરીને ઘરે પરત ફરી રહ્યા હતા. ત્યારે જ એક હિંસક ટોળાએ તેમને રસ્તામાં ઘેરી લીધા. પહેલા તેમના પેટના નીચેના ભાગમાં છરી વડે હુમલો કરવામાં આવ્યો અને પછી માથા પર પ્રહાર કરાયો.

આ પહેલા ૨૪ ડિસેમ્બરે ૨૯ વર્ષીય અમૃત મંડલને કથિત રીતે ટોળાએ માર મારીને હત્યા કરી નાખી હતી. જ્યારે ૧૮ ડિસેમ્બરે ૨૫ વર્ષીય દીપુ ચંદ્ર દાસ પર ઈશનિંદાનો ખોટો આરોપ લગાવીને ફેક્ટરીની અંદર જ ટોળાએ તેની હત્યા કરી, તેના મૃતદેહને ઝાડ પર લટકાવીને આગ લગાવી દીધી હતી. બાંગ્લાદેશના ઝેનૈદાહના કાલીગંજમાં ૪૦ વર્ષીય વિધવા હિન્દુ મહિલા પર બે પુરુષોએ સામૂહિક બળાત્કાર કર્યો હતો. ત્યારબાદ મહિલાને ઝાડ સાથે બાંધી દીધી અને તેના વાળ કાપી નાખ્યા. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર, મહિલાએ પોતાની પોલીસ ફરિયાદમાં જણાવ્યું હતું કે મહિલા અઢી વર્ષ પહેલાં કાલીગંજ નગરપાલિકાના વોર્ડ નંબર ૭ માં શાહીન અને તેના ભાઈ પાસેથી ૨ મિલિયન રૂપિયામાં બે માળનું ઘર સાથે ત્રણ દશાંશ જમીન ખરીદી હતી. ત્યારબાદ શાહીન મહિલા પાસે



અભદ્ર માગ શરૂ કરી અને જ્યારે મહિલાએ ના પાડી ત્યારે તેને હેરાન કરવાનું શરૂ કર્યું.

શનિવારે સાંજે, જ્યારે વિધવાના ગામના બે સંબંધીઓ મળવા આવ્યા હતા, ત્યારે શાહીન અને તેના સાથી હસન ઘરમાં ઘૂસી ગયા અને મહિલા પર બળાત્કાર કર્યો. ત્યારબાદ તેઓએ મહિલા પાસેથી ૫૦,૦૦૦ રૂપિયા (લગભગ ૩૭,૦૦૦ રૂપિયા) માંગ્યા. જ્યારે મહિલાએ પૈસા આપવાનો ઈનકાર કર્યો, ત્યારે નરાધમોએ સંબંધીઓ પર હુમલો કર્યો અને તેમને ભગાડી દીધા. મહિલાએ ચીસો પાડવાનું શરૂ કર્યા પછી, તેઓએ તેને ઝાડ સાથે બાંધી દીધી, તેના વાળ કાપી નાખ્યા, આ કૃત્ય રેકોર્ડ કર્યું અને વીડિયો સોશિયલ મીડિયા પર ફરતો કર્યો.

# સૂર્યવંશીનું દ. આફ્રિકામાં તોફાન, સ્ટેડિયમની બહાર ગયો બોલ

બેનોની, તા.૫

જ્યારે પણ વૈભવ સૂર્યવંશી ક્રીઝ પર આવે છે, ત્યારે બોલરો માટે પરિસ્થિતિ મુશ્કેલ બની જાય છે. જો આ બેટ્સમેનને વહેલા આઉટ ન કરવામાં આવે તો છગ્ગાનો વરસાદ થવાની ખાતરી છે.

સોમવારે પણ આવું જ દૃશ્ય જોવા મળ્યું જ્યારે દક્ષિણ આફ્રિકા અંડર-૧૯ ટીમ સામેની બીજી યુથ વનડેમાં વૈભવ સૂર્યવંશીએ પોતાની વિસ્ફોટક બેટિંગથી મેચને બદલી નાખી.

બેનોનીમાં રમાઈ રહેલી આ મેચમાં, વૈભવ સૂર્યવંશીએ માત્ર ૨૧ બોલમાં ૧૦ છગ્ગા ફટકાર્યા. વૈભવે દરેક બોલરને સંપૂર્ણ આત્મવિશ્વાસ સાથે રમ્યા, અને દર્શકોએ એક પછી એક રોમાંચક શોટ જોયા. વૈભવ સૂર્યવંશી ક્રીઝ પર આવતાની સાથે જ તેણે પોતાના ઈરાદા સ્પષ્ટ કરી દીધા. તેણે પોતાની ઈનિંગના બીજા બોલ પર ફાસ્ટ બોલર બેસનના બોલ પર ડીપ બેકવર્ડ પોઈન્ટ પર જોરદાર છગ્ગો ફટકાર્યો. ત્યારબાદ તેણે પાંચમા બોલ પર ફાઈન લેગ પર શાનદાર છગ્ગો ફટકાર્યો.

સૂર્યવંશીએ બાયંડા માજોલાની બોલિંગ પર પણ કોઈ દયા બતાવી નહીં. તેણે માજોલાના પાંચમા બોલ પર ડીપ એક્સ્ટ્રા કવર પર લાંબો છગ્ગો ફટકાર્યો. ત્યારબાદ વૈભવે બાસનની આગળની ઓવરમાં વધુ બે છગ્ગા ફટકાર્યા, જેનાથી બોલરો પર દબાણ આવ્યું.

વૈભવ સૂર્યવંશીએ માજોલાની બોલ પર સાતમી છગ્ગો ફટકારી અને ત્યારબાદ આઠમી છગ્ગો ફટકારી, માત્ર ૧૯ બોલમાં પોતાની અડધી સદી પૂરી કરી. નોંધનીય છે કે, આ અડધી સદીમાં એક પણ બાઉન્ડ્રીનો સમાવેશ થતો ન હતો. વૈભવનું સંપૂર્ણ ધ્યાન બોલને સ્ટેન્ડમાં મારવા પર હતું, અને તે સફળ થયો. વૈભવ સૂર્યવંશીની વિસ્ફોટક બેટિંગનો એટલો ઊંડો પ્રભાવ પડ્યો કે એક સમયે રમત બંધ કરવી પડી. જ્યારે તેણે પોતાનો સાતમો છગ્ગો ફટકાર્યો, ત્યારે બોલ મેદાનની બહાર ઉડી ગયો અને લાંબી શોધખોળ છતાં તે મળ્યો નહીં. આના કારણે રમત થોડા સમય માટે બંધ થઈ ગઈ. બોલ બદલવામાં આવ્યો, પરંતુ સૂર્યવંશીના ઈરાદા યથાવત રહ્યા, અને તેણે બીજા જ બોલ પર મોટા શોટ રમવાનું ચાલુ રાખ્યું.

## તંત્રી સ્થાનેથી..

# ૨૦૨૬માં પેટ્રોલ-ડીઝલની કિંમતમાં મોટી રાહતના સંકેત!

મોંઘવારીના મોરચે સામાન્ય જનતા માટે રાહતના સમાચાર આવી રહ્યા છે. SBI રિસર્ચના તાજેતરના વિશ્લેષણ મુજબ, વર્ષ ૨૦૨૬માં આંતરરાષ્ટ્રીય બજારમાં કાચા ક્રૂડ ઓઈલની કિંમતોમાં મોટો ઘટાડો જોવા મળી શકે છે. રિપોર્ટ મુજબ, જૂન ૨૦૨૬ સુધીમાં ક્રૂડ ઓઈલની કિંમત ઘટીને ૫૦ ડોલર પ્રતિ બેરલ થઈ શકે છે, જેના પરિણામે ભારતમાં પેટ્રોલ-ડીઝલના ભાવમાં મોટો ઘટાડો આવવાની સંભાવના છે  હાલમાં આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રન્ટ ક્રૂડ ૧.૦૧ ડોલર વધીને ૬૧.૭૬ ડોલર પ્રતિ બેરલ પર પહોંચ્યું છે. બીજી તરફ, WTI ક્રૂડ સામાન્ય ઘટાડા સાથે ૫૮.૨૯ ડોલર પર ટ્રેડ કરી રહ્યું છે. જોકે, એસબીઆઈ રિસર્ચનો અહેવાલ સૂચવે છે કે આગામી સમયમાં આ કિંમતોમાં મોટો ઘટાડો આવશે.  SBI રિસર્ચ ટીમે તેમના અહેવાલમાં આર્થિક પાસાઓનું વિશ્લેષણ કરતા જણાવ્યું છે કે, બ્રન્ટ ક્રૂડ અને ઇન્ડિયન બાસ્કેટ વચ્ચે ૦.૯૮નો મજબૂત સંબંધ છે, જેનો અર્થ એ થાય છે કે આંતરરાષ્ટ્રીય બજારમાં બ્રન્ટ ક્રૂડના ભાવ ઘટતા જ ભારત માટે ક્રૂડ ઓઈલ સસ્તું થઈ જશે. આ ઘટાડો માત્ર ઈંધણ પૂરતો સીમિત નહી રહે, પરંતુ તેલના ભાવમાં રાહત મળવાથી એકંદર મોંઘવારીમાં પણ ઘટાડો થશે, જે આર્થિક વિકાસને નવી ગતિ આપશે. તેમજ ટેકનિકલ અને એનાલિસિસ પણ આ જ દિશામાં સંકેત આપે છે.  ભારતીય ક્રૂડ ઓઈલની વર્તમાન કિંમતો ૫૦ અને ૨૦૦ દિવસની મૂવિંગ એવરેજથી નીચે ચાલી રહી છે, જે સ્પષ્ટપણે સૂચવે છે કે ભવિષ્યમાં ઓઈલના ભાવમાં હજુ પણ મોટો ઘટાડો જોવા મળી શકે છે.

### યુ.એસ. પ્રમુખ ની વેનેઝુએલાના તંત્ર ને ચેતવણી!

# જો વચગાળાનું નેતૃત્વ અમેરિકાની માંગણીઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો વેનેઝુએલામાં બીજી લશ્કરી કાર્યવાહી કરવામાં આવશેઃ ટ્રમ્પ

વોશિંગટન,

યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે સોમવારે ચેતવણી આપી હતી કે વેનેઝુએલાના વચગાળાના રાષ્ટ્રપતિ ડેલ્સી રોડ્રિગ્ઝને ×જો તેઓ યોગ્ય કામ નહીં કરે તો× પદભ્રષ્ટ નેતા નિકોલસ માદુરો કરતાં મોટી કિંમત ચૂકવવી પડી શકે છે. તેમણે વેનેઝુએલામાં નવા લશ્કરી હસ્તક્ષેપની પણ ચેતવણી આપી હતી, અને કહ્યું હતું કે જો દેશનું વચગાળાનું નેતૃત્વ અમેરિકન માંગણીઓનું પાલન કરવામાં નિષ્ફળ જાય તો વોશિંગ્ટન ×બીજી લહેર× હુમલા શરૂ કરવા માટે તૈયાર છે.

ટ્રમ્પે વેનેઝુએલામાં બીજી લશ્કરી કાર્યવાહીની ચેતવણી આપી હતી

એ નોંધવું જોઈએ કે રોડ્રિગ્ઝ ૨૦૧૮ થી માદુરોના ઉપરાષ્ટ્રપતિ તરીકે સેવા આપી રહ્યા હતા, વેનેઝુએલાના તેલ-આધારિત અર્થતંત્ર અને તેની ભયાનક ગુપ્તચર સેવાનું મોટાભાગનું નિરીક્ષણ કરી રહ્યા હતા, અને રાષ્ટ્રપતિના ઉત્તરાધિકારમાં આગામી હતા. ×જો તે યોગ્ય કામ નહીં કરે, તો તેણીને ખૂબ મોટી કિંમત ચૂકવવી પડશે, કદાચ માદુરો કરતાં મોટી,× ટ્રમ્પે ધ એટલાન્ટિક મેગેઝિન સાથેની મુલાકાત દરમિયાન કહ્યું.

આ ઉપરાંત, તેમણે બળજબરીથી માદુરોને કબજે કરવાના તેમના નિર્ણયનો પણ બચાવ કર્યો. ×તમે જાણો છો, ત્યાં પુનઃનિર્માણ અને શાસન પરિવર્તન, તમે તેને કંઈ પણ કહેવા માંગો છો, તે તમારી પાસે હાલમાં જે છે તેના કરતાં વધુ સારું છે. આનાથી વધુ ખરાબ કંઈ થઈ શકે નહીં,× ફ્લોરિડામાં તેમના વેસ્ટ પામ બીચ ગોલ્ફ કોર્સ પર પહોંચ્યા પછી યોજાયેલી ટેલિફોન મુલાકાતમાં તેમણે કહ્યું.

ટ્રમ્પ કહે છે કે અમેરિકા ×વેનેઝુએલાને સુધારવા× પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે

રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોની નાટકીય કબજા પછી યુનાઈટેડ સ્ટેટ્સ અસરકારક રીતે ×શાસક× હોવાનું જાહેર કર્યા પછી, ટ્રમ્પે કહ્યું કે યુનાઈટેડ સ્ટેટ્સ ×વેનેઝુએલાને સુધારવા× પર ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે અને ફરીથી કાર્યવાહી કરવામાં અચકાશે નહીં.

વેનેઝુએલાની રાજધાની પર અમેરિકાના હુમલા અંગે ટ્રમ્પે કહ્યું, ×... એક હેલિકોપ્ટર ખૂબ ખરાબ રીતે ટકરાયું હતું, પરંતુ અમને બધું પાછું મળ્યું, અને કોઈ માર્યું ન ગયું... મને પૂછશો નહીં કે કોણ જવાબદાર છે કારણ કે હું તમને જવાબ આપીશ અને તે ખૂબ જ વિવાદાસ્પદ હશે... તેનો અર્થ એ છે કે અમે જવાબદાર છીએ... તે અત્યારે એક મૃત દેશ છે. જો હું ચૂંટણી હારી ગયો હોત તો અમે તે દેશ હોત. અમે સ્ટેરોઇડ્સ પર વેનેઝુએલા જેવા મૃત દેશ હોત. ઈન્ફ્રાસ્ટ્રક્ચર પાછું લાવવા માટે આપણને તેલ કંપનીઓ પાસેથી મોટા રોકાણની જરૂર છે. તેલ કંપનીઓ જઈને ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું પુનઃનિર્માણ કરવા તૈયાર છે. અમે ઘણા વર્ષો પહેલા તેને શરૂ કરવા માટે બનાવ્યું હતું. તેઓ તેને છીનવી ગયા. તમે તે કરી શકતા નથી. તમે મારી સાથે તે કરી શકતા નથી. તેઓએ અન્ય રાષ્ટ્રપતિઓ સાથે તે કર્યું હતું... દેશ ગડબડમાં છે. તે ભયંકર રીતે ચલાવવામાં આવી રહ્યો છે. તેલ ખૂબ જ નીચા સ્તરે વહી રહ્યું છે...×





વેનેઝુએલાની રાજધાની પર અમેરિકાના હુમલા અંગે ટ્રમ્પે કહ્યું, ×મને સંભવિત ખતરો ખબર હતી, તે ખૂબ જ ખતરનાક કામગીરી હતી. અમને થોડા ઘાયલ થયા હતા, પરંતુ બધા ઘાયલ છે.× અત્યારે સારી સ્થિતિમાં છું... એક હેલિકોપ્ટર ખૂબ ખરાબ રીતે ટકરાયું હતું, પરંતુ અમે બધું પાછું મેળવી લીધું, અને કોઈનું મોત થયું નથી.×

ઓપરેશન એબ્સોલ્યુટ રિઝોલ્વ તેલ વિશે હતું કે શાસન પરિવર્તન વિશે, ટ્રમ્પ કહે છે, ×તે પૃથ્વી પર શાંતિ વિશે છે. આપણે શાંતિ રાખવી પડશે. તે આપણું ગોળાર્ધ છે. મનરો સિદ્ધાંત ખૂબ જ મહત્વપૂર્ણ હતો જ્યારે તે પૂર્ણ થયું, અને અન્ય રાષ્ટ્રપતિઓ, જેમાંથી ઘણાએ તેને અવગણ્યું પણ મેં નથી કર્યું...×

# ઉત્તર કોરિયા કહે છે કે તાજેતરના મિસાઈલ પરીક્ષણોમાં હાઈપરસોનિક શસ્ત્ર પ્રણાલીનો સમાવેશ થાય છે

ઉત્તર કોરિયાએ જણાવ્યું હતું કે, નેતા કિમ જોંગ ઉને હાઈપરસોનિક મિસાઈલોના પરીક્ષણ-ઉડાનોનું અવલોકન કર્યું હતું અને દેશના પરમાણુ યુદ્ધ પ્રતિરોધકને મજબૂત બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો, કારણ કે દેશ તેના મુખ્ય રાજકીય પરિષદ પહેલા શસ્ત્રોનું પ્રદર્શન કરી રહ્યો છે.

ઉત્તર કોરિયાએ તેના પડોશીઓએ અનેક બેલિસ્ટિક મિસાઈલ પ્રક્ષેપણ શોધી કાઢ્યા અને ઉત્તર પર ઉશ્કેરણી કરવાનો આરોપ લગાવ્યાના એક દિવસ પછી આ કવાયતની જાણ કરી હતી. દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગ રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે શિખર સંમેલન માટે ચીન રવાના થયા તેના થોડા કલાકો પહેલા જ આ પરીક્ષણો કરવામાં આવ્યા હતા.

સત્તાવાર કોરિયન સેન્ટ્રલ ન્યૂઝ એજન્સીએ જણાવ્યું હતું કે રવિવારે હાઈપરસોનિક શસ્ત્ર પ્રણાલીનો સમાવેશ કરતી કવાયતનો હેતુ તેની તૈયારીની તપાસ કરવા, મિસાઈલ સૈનિકોની ફાયરપાવર ઓપરેશનલ કુશળતા વધારવા અને દેશના યુદ્ધ પ્રતિરોધકની ઓપરેશનલ ક્ષમતાઓનું મૂલ્યાંકન કરવાનો હતો.

દ્બઝ્રદ્બછ અનુસાર, ×આજના લોન્ચિંગ કવાયત દ્વારા, અમે પુષ્ટિ કરી શકીએ છીએ કે રાષ્ટ્રીય સંરક્ષણ માટે ખૂબ જ મહત્વપૂર્ણ ટેકનોલોજી કાર્ય પૂર્ણ થયું છે,× કિમે કહ્યું. ×આપણે લશ્કરી સાધનો, ખાસ કરીને આક્રમક શસ્ત્ર પ્રણાલીઓને સતત અપગ્રેડ કરવી જોઈએ.×

કાર્યક્ષમ હાઈપરસોનિક શસ્ત્ર રાખવાથી ઉત્તર કોરિયાને યુએસ અને દક્ષિણ કોરિયાના મિસાઈલ સંરક્ષણ કવચમાં પ્રવેશ કરવાની ક્ષમતા મળશે. પાછલા વર્ષોમાં, ઉત્તર કોરિયાએ તેને મેળવવા માટે શ્રેણીબદ્ધ પરીક્ષણો કર્યા છે, પરંતુ ઘણા વિદેશી નિષ્ણાતો પ્રશ્ન કરે છે કે શું પરીક્ષણ કરાયેલ મિસાઈલોએ ઉડાન દરમિયાન તેમની ઈચ્છિત ગતિ અને ચાલાકી પ્રાપ્ત કરી છે.

તાજેતરના અઠવાડિયામાં, ઉત્તર કોરિયાએ લાંબા અંતરની વ્યૂહાત્મક ક્રુઝ મિસાઈલો અને નવી એન્ટિ-એર મિસાઈલોનું પરીક્ષણ કર્યું છે અને તેની પ્રથમ પરમાણુ સંચાલિત સબમરીનના નિર્માણમાં સ્પષ્ટ પ્રગતિ દર્શાવતા ફોટા પ્રકાશિત કર્યા છે.

નિરીક્ષકો કહે છે કે ઉત્તર કોરિયાનો હેતુ શાસક વર્કર્સ પાર્ટી કોંગ્રેસ પહેલાં શસ્ત્રો વિકાસ ક્ષેત્ર પર તેની સિદ્ધિઓ દર્શાવવા અથવા સમીક્ષા કરવાનો છે, જે પાંચ વર્ષમાં તેના પ્રકારની પ્રથમ કોંગ્રેસ છે. કિમ કોંગ્રેસનો ઉપયોગ યુએસ સાથેના સંબંધો પર નવો અભિગમ નક્કી કરવા અને લાંબા સમયથી નિષ્ક્રિય વાટાઘાટો ફરી શરૂ કરવા માટે કરશે કે કેમ તેના પર આતુર ધ્યાન છે.

સોમવારે પછી જ્યારે લી અને શી શિખર સંમેલન માટે મળશે ત્યારે ઉત્તર કોરિયાના પરમાણુ કાર્યક્રમ પર ચર્ચા થવાની અપેક્ષા છે. લીના કાર્યાલયે અગાઉ કહ્યું હતું કે તેઓ ચીન, ઉત્તર કોરિયાના મુખ્ય સાથી અને આર્થિક પાઈપલાઈનને કોરિયન દ્વીપકલ્પ પર શાંતિને પ્રોત્સાહન આપવાના પ્રયાસોમાં ×રચનાત્મક ભૂમિકા× ભજવવા માટે હાકલ કરશે.

આ તાજેતરના પ્રક્ષેપણ શનિવારે વેનેઝુએલાના નેતા નિકોલસ માદુરોને સત્તા પરથી દૂર કરીને તેમને નાર્કો-આતંકવાદના કાવતરાના આરોપોનો સામનો કરવા માટે યુ.એસ. લાવવામાં આવેલા સાહસિક યુએસ લશ્કરી કાર્યવાહી પછી થયા છે. ઉત્તર કોરિયાએ આ કાર્યવાહીની ટીકા કરતા કહ્યું કે તે ફરીથી ×યુ.એસ.નો બદમાશ અને ક્રૂર સ્વભાવ× દર્શાવે છે.

ઘણા નિષ્ણાતો કહે છે કે યુ.એસ.ની કાર્યવાહી કિમને તેમની પરમાણુ શસ્ત્રો ક્ષમતાઓને વધુ વિસ્તૃત કરવા માટે દબાણ કરવા દબાણ કરે તેવી શક્યતા છે, જે તેમના મતે યુ.એસ.ની આગેવાની હેઠળની દુશ્મનાવટનો સામનો કરવા માટે તેમની સરકાર અને રાજ્ય સાર્વભૌમત્વના અસ્તિત્વની ખાતરી આપે છે.

રવિવારના પ્રક્ષેપણ કવાયત દરમિયાન, કિમે મજબૂત પરમાણુ કાર્યક્રમ માટેના તેમના દબાણનો બચાવ કર્યો. ×તે શા માટે જરૂરી છે તેનું ઉદાહરણ તાજેતરની ભૂરાજકીય કટોકટી અને જટિલ આંતરરાષ્ટ્રીય ઘટનાઓ દ્વારા મળે છે,× તેમણે કહ્યું.

# રેવત રેડ્ડીએ બોડીગાર્ડને જાહેરમાં લાફો ઝીંક્યો




હૈદરાબાદ, તા.૫

તેલંગાણાના મુખ્યમંત્રી રેવંત રેડ્ડી ફરી એકવાર વિવાદોમાં ઘેરાયા છે. સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા એક વીડિયોમાં, તેઓ ગાયની પૂજા બાદ તેની પરિક્રમા કરતી વખતે જાહેરમાં પોતાના જ બોડીગાર્ડને થપ્પડ મારતા જોવા મળે છે. આ વીડિયો સામે આવતાની સાથે જ સોશિયલ મીડિયા પર અનેક સવાલો ઉભા થયા છે. આ પહેલીવાર નથી જ્યારે મુખ્યમંત્રી રેડ્ડી થપ્પડને લઈને કોઈ વિવાદમાં આવ્યા હોય.

વાયરલ વીડિયોમાં જોઈ શકાય છે કે મુખ્યમંત્રી રેવંત રેડ્ડી પૂજા કર્યા પછી ગાયની પરિક્રમા કરી રહ્યા છે. તે દરમિયાન, આસપાસ હાજર લોકો તેમના ખૂબ નજીક આવવાનો પ્રયાસ કરે છે. બોડીગાર્ડ ભીડને પાછળ હટાવવાનો પ્રયાસ કરે છે, પરંતુ ત્યારે જ મુખ્યમંત્રી રેવંત રેડ્ડી અચાનક ગુસ્સામાં આવીને તેને થપ્પડ મારી દે છે. આ સમગ્ર ઘટના કેમેરામાં કેદ થઈ ગઈ હતી અને હવે આ વીડિયો ઝડપથી શેર કરવામાં આવી રહ્યો છે.

આ પહેલીવાર નથી જ્યારે રેવંત રેડ્ડીનું નામ આવા વિવાદ સાથે જોડાયું હોય. આ પહેલા પણ તેઓ પત્રકારોને થપ્પડ મારવાની વાત કહીને ભારે ચર્ચામાં રહ્યા હતા, જે બાદ તેમણે માફી પણ માંગવી પડી હતી. ગયા વર્ષે ૨૦૨૫માં, રેવંત રેડ્ડી નવ તેલંગાણા નામના અખબારના ૧૦મા વર્ષના કાર્યક્રમમાં પહોંચ્યા હતા. ત્યાં ભાષણ દરમિયાન તેમણે સિનિયર અને જુનિયર પત્રકારોની સરખામણી કરતાં કહ્યું હતું કે, ×ક્યારેક-ક્યારેક મન થાય છે કે પત્રકારોને થપ્પડ મારી દઉં.× આ ટિપ્પણીને પત્રકારોએ અપમાનજનક ગણાવી હતી અને પ્રેસ યુનિયનોએ તેમની પાસે સ્પષ્ટતા માંગી હતી. તે સમયે વિપક્ષે પણ તેમના આ વર્તન અને નિવેદન પર ભારે હોબાળો મચાવ્યો હતો.

# બીજિંગમાં કોરિયાના લી, ૨૦૨૬ માં ચીન સંબંધોની સંપૂર્ણ પુનઃસ્થાપના જુએ છે



બીજિંગ,

જૂનમાં પદ સંભાળ્યા પછી લીના બેઈજિંગના પ્રથમ પ્રવાસ દરમિયાન રાષ્ટ્રપતિ શી જિનપિંગ સાથે મુલાકાત બાદ, દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ લી જે મ્યુંગે સોમવારે કહ્યું કે તેઓ ચીન સાથેના સંબંધો માટે ×નવો તબક્કો× ખોલવા માંગે છે.

×આ શિખર સંમેલન ૨૦૨૬ ને કોરિયા-ચીન સંબંધોના સંપૂર્ણ પાયે પુનઃસ્થાપનના પ્રથમ વર્ષમાં બનાવવાની એક મહત્વપૂર્ણ તક હશે,× લીએ કહ્યું. ×મારું માનવું છે કે બંને દેશો વચ્ચે વ્યૂહાત્મક સહયોગ અને ભાગીદારીને સમયના એક અપરિવર્તનીય વલણમાં વિકસાવવાના પ્રયાસો ચાલુ રહેશે.×

ફક્ત બે મહિનામાં શી સાથે લીની આ બીજી મુલાકાત હતી, જે બેઈજિંગના સિઓલ સાથે આર્થિક સહયોગ અને પર્યટનને વધારવામાં રસનો સંકેત છે કારણ કે ઉત્તરપૂર્વ એશિયાના અન્ય મોટા અર્થતંત્ર જાપાન સાથે ચીનના સંબંધો વર્ષોમાં સૌથી નીચા સ્તરે પહોંચી ગયા છે.

મુલાકાતના કલાકો પહેલા, ઉત્તર કોરિયાએ ઓછામાં ઓછી બે બેલિસ્ટિક મિસાઈલો લોન્ચ કરી, જે બે મહિનામાં આ પ્રકારનું પ્રથમ પ્રક્ષેપણ છે. નેતા કિમ જોંગ ઉને પ્યોંગયાંગને શક્તિશાળી પરમાણુ અવરોધ જાળવવાની જરૂરિયાતનો ઉલ્લેખ કર્યો.

શીએ કહ્યું કે ચીન અને દક્ષિણ કોરિયાએ ×યોગ્ય વ્યૂહાત્મક પસંદગીઓ× કરવી જોઈએ, અને ઉમેર્યું કે બંને દેશોએ ×પ્રાદેશિક શાંતિ જાળવવામાં મહત્વપૂર્ણ જવાબદારીઓ નિભાવવી× જોઈએ.

શીની ટિપ્પણીઓ સૂચવે છે કે ચીન તાઈવાન સાથેના ક્રોસ-સ્ટ્રેટ સંબંધો પર વોશિંગ્ટનને બદલે સિઓલ બેઈજિંગનો પક્ષ લેવા માંગે છે, અને વેનેઝુએલાના રાષ્ટ્રપતિ નિકોલસ માદુરોના યુએસ કબજા અંગે બેઈજિંગના વલણનો આદર કરે છે, એમ સિઓલમાં ઈવા વુમન્સ યુનિવર્સિટીના પ્રોફેસર સીઓક બ્યોંગ-હૂને જણાવ્યું હતું.

સહકાર કરારો પર હસ્તાક્ષર, આર્થિક વિસ્તરણ આંખ દક્ષિણ કોરિયન અને ચીની પ્રસારણકર્તાઓ અનુસાર, બંને દેશોએ સમિટમાં ૧૫ કરારો પર હસ્તાક્ષર કર્યા.

જૂનમાં ત્વરિત ચૂંટણીમાં ચૂંટાયેલા લીએ ચીનનો વિરોધ કર્યા વિના યુનાઈટેડ સ્ટેટ્સ સાથે સંબંધો મજબૂત કરવાનું વચન આપ્યું છે, જ્યારે ઉત્તર સાથે તણાવ ઘટાડવાનો પ્રયાસ કર્યો છે.

બેઈજિંગ, તેના ભાગ માટે, જાપાન સાથેના ભંગાણ પછી સિઓલ સાથે મજબૂત સંબંધો ઈચ્છી રહ્યું છે, જેના વડા પ્રધાન સના તાકાઈચીએ નવેમ્બરમાં સૂચવ્યું હતું કે જો બેઈજિંગ તાઈવાન પર હુમલો કરે તો ટોક્યો લશ્કરી કાર્યવાહી કરી શકે છે.

દક્ષિણ કોરિયાના વેપાર મંત્રાલયે જણાવ્યું હતું કે ચીની અને દક્ષિણ કોરિયન કંપનીઓએ નવ સહયોગ કરારો પર હસ્તાક્ષર કર્યા હતા, જેમાં સોદા પર હસ્તાક્ષર કરનારી કંપનીઓમાં અલીબાબા ઈન્ટરનેશનલ, લેનોવો અને દક્ષિણ કોરિયન રિટેલર શિનસેગેનો સમાવેશ થાય છે.

રવિવારે લી તેમની ચાર દિવસની રાજ્ય મુલાકાત માટે પહોંચ્યા હતા, તેમની સાથે સેમસંગ ઈલેક્ટ્રોનિક્સના ચેરમેન જે વાય. લી, એસકે ગ્રુપના ચેરમેન ચે તાઈ-વોન અને હ્યુન્ડાઈ મોટર ગ્રુપના એક્ઝિક્યુટિવ ચેર યુઈસુન ચુંગ સહિત ૨૦૦ થી વધુ દક્ષિણ કોરિયાના વ્યાપારી નેતાઓનું પ્રતિનિધિમંડળ હતું.

લીએ જણાવ્યું હતું કે દક્ષિણ કોરિયા અને ચીનને કૃત્રિમ બુદ્ધિમત્તામાં આર્થિક સહયોગ વધારવાની જરૂર છે, અને તેઓ ઘરગથ્થુ ચીજવસ્તુઓ, સુંદરતા, ખાદ્ય ઉત્પાદનો અને મૂવીઝ, સંગીત, રમતો અને રમતગમત જેવી સાંસ્કૃતિક સામગ્રી જેવી ગ્રાહક ચીજવસ્તુઓમાં પણ સહયોગ કરી શકે છે.

જોકે, દક્ષિણ કોરિયાના રાષ્ટ્રપતિ ચીફ ઓફ સ્ટાફ કાંગ હૂન-સિકે સોમવારે એક રેડિયો ઈન્ટરવ્યુમાં જણાવ્યું હતું કે બેઈજિંગ ટૂંક સમયમાં કોરિયન સંસ્કૃતિ પરનો બિનસત્તાવાર પ્રતિબંધ હટાવે તેવી શક્યતા નથી.

ચીનના રાજ્ય પ્રસારણકર્તા સીસીટીવીએ જણાવ્યું હતું કે લીની મુલાકાત દરમિયાન ચીન અને દક્ષિણ કોરિયા સપ્લાય-ચેઈન રોકાણ, ડિજિટલ અર્થતંત્ર અને સાંસ્કૃતિક આદાનપ્રદાન જેવા મુદ્દાઓ પર ચર્ચા કરે તેવી અપેક્ષા છે.

# સોમનાથ મંદિર પર ગઝનવીએ કરેલા હુમલાને ૧૦૦૦ વર્ષ પૂર્ણ

નવી દિલ્હી, તા.૫

હિન્દુ આસ્થાના અતૂટ કેન્દ્ર ગણાતા સોમનાથ મંદિર પર ઈ.સ. ૧૦૨૬માં મહેમૂદ ગઝનવીએ કરેલા આક્રમણને ૧૦૦૦ વર્ષ પૂર્ણ થયા છે. આ ઐતિહાસિક મંદિરની એક હજાર વર્ષની સફર અને તેના પુનઃનિર્માણ અંગે પીએમ મોદીએ એક વિશેષ બ્લોગ લખ્યો છે, આ લેખમાં તેમણે મંદિરના પુનઃનિર્માણનો શ્રેય સરદાર વલ્લભભાઈ પટેલને આપ્યો છે, તો બીજી તરફ દેશના પ્રથમ વડાપ્રધાન જવાહરલાલ નહેરુ પર નિશાન પણ સાધ્યું છે. પીએમ મોદીએ તેમના બ્લોગમાં કહ્યું કે, ભારતની આઝાદી બાદ સોમનાથ મંદિરના જીર્ણોદ્ધારનું પવિત્ર કાર્ય સરદાર વલ્લભભાઈ પટેલના સબળ નેતૃત્વ હેઠળ શરુ થયું. ૧૯૪૭માં દિવાળી દરમિયાન સોમનાથની મુલાકાતે ગયેલા સરદાર પટેલ ત્યાંની સ્થિતિ જોઈ વ્યથિત થયા હતા અને તે જ ક્ષણે તેમણે મંદિરના પુનઃનિર્માણનો મક્કમ નિર્ધાર કર્યો હતો. તેમના આ સંકલ્પના પરિણામે ૧૧ મે, ૧૯૫૧ના રોજ તત્કાલીન રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્ર પ્રસાદની ઉપસ્થિતિમાં મંદિરના દ્વાર ભક્તો માટે ખોલી દેવામાં આવ્યા હતા.

આ અંગે પીએમ મોદીએ વધુમાં લખ્યું કે, સોમનાથ મંદિરના લોકાર્પણનો ઐતિહાસિક દિવસ જોવા માટે સરદાર પટેલ હયાત નહોતા, પરંતુ તેમનું સ્વપ્ન ચોક્કસ સાકાર થયું હતું. જોકે, તત્કાલીન પીએમ નહેરુ આ આયોજનથી ખુશ નહોતા અને રાષ્ટ્રપતિ કે મંત્રીઓ આ સમારોહમાં હાજરી આપે તેની વિરુદ્ધમાં હતા. નહેરુને ડર હતો કે આનાથી ભારતની છબી ખરાબ થશે, પરંતુ ડૉ. રાજેન્દ્ર પ્રસાદ પોતાના નિર્ણય પર મક્કમ રહ્યા અને એક નવો ઈતિહાસ રચાયો. કે. એમ. મુનશીજીના અમૂલ્ય પ્રદાનના સ્મરણ વિના સોમનાથ મંદિરનો ઈતિહાસ સદાય અધૂરો રહેશે. તેમણે તે કાળે સરદાર પટેલના ખભેખભો મિલાવીને ટેકો આપ્યો હતો. સોમનાથ વિશેનું તેમનું પુસ્તક સોમનાથ, ધ શ્રાઈન ઈટરનલ વાચકો માટે માર્ગદર્શક સમાન છે. આ શીર્ષક જ સૂચવે છે કે આપણે એ સભ્યતાના વારસદારો છીએ જે આત્મા અને વિચારોની અવિનાશી શક્તિમાં શ્રદ્ધા ધરાવે છે. નૈનં છિન્દન્તિ શસ્ત્રાણિ નૈનં દહતિ પાવકઃના મંત્રને સાર્થક કરતાં સોમનાથનું બાહ્ય માળખું ભલે ખંડિત થયું, પરંતુ તેની દિવ્ય ચેતના સદાય અજેય રહી છે.

આજે વિશ્વ ભારતને એક નવી આશા તરીકે નિહાળી રહ્યું છે. આ જ ઉમદા વિચારોએ આપણને દરેક મુશ્કેલ સમયમાં ફરી બેઠા થવાનું અને દૃઢ નિશ્ચય સાથે આગળ વધવાનું સામર્થ્ય પૂરું પાડ્યું છે. આપણા મૂલ્યો અને પ્રજાના મક્કમ સંકલ્પને કારણે જ ભારત આજે વિશ્વના આકર્ષણનું કેન્દ્ર બન્યું છે. વૈશ્વિક સમુદાય આપણા સર્જનાત્મક યુવાનો અને તેમની ક્ષમતા પર વિશ્વાસ મૂકી રહ્યો છે. આપણી કળા, સંગીત અને સંસ્કૃતિએ આંતરરાષ્ટ્રીય સ્તરે આગવી ઓળખ ઊભી કરી છે, જ્યારે યોગ અને આયુર્વેદ સમગ્ર વિશ્વને સ્વસ્થ જીવનશૈલીનો માર્ગ બતાવી રહ્યા છે.

### અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકામાં વસવાટ કરતા

# પૂર્વ સૈનિકો તથા દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓના સંમેલનની ડૉ. બાબા સાહેબ આંબેડકર ભવન, મોડાસા ખાતે ઉજવણી..



**ટ્રેન્ડ ગુજરાત , તા.૦૬**

તારીખ ૦૪ જાન્યુઆરી ૨૦૨૬ ને જેમા અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના પૂર્વ સૈનિકો તથા દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓએ તથા અરવલ્લી જિલ્લાના શહીદ સૈનિકોના ધર્મપત્નિઓ એ મોટી સંખ્યામાં હાજરી આપી હતી. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે સુશ્રી પ્રશસ્તિ પારીક, આઈ.એ.એસ, અરવલ્લી જિલ્લા કલેક્ટરશ્રી અને અરવલ્લી જીલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ,અધિકારી તથા અરવલ્લી જિલ્લાના વહીવટી અધિકારીશ્રીઓ અને પૂર્વ સૈનિકો મોટી સંખ્યામાં હાજર રહેલ હતા.

આ સંમેલનની શરૂઆત મોડાસા તાલુકામાં વસવાટ કરતા પૂર્વ સૈનિકો તથા દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓના આગમન અને નોંધણીથી કરવામાં આવેલ હતી. મુખ્ય મહેમાન કલેકટરશ્રી અને અતિથિ વિશેષશ્રીઓના આગમન બાદ દિપ પ્રગટાવી સંમેલનના કાર્યક્રમની શરૂઆત બોલુન્દ્રા ગામ ના હાયર સેકન્ડરી માં અભ્યાસ કરતા વિધ્યાર્થીઓ દ્વારા સ્વાગત ગીત પ્રસ્તુત કરવામાં આવેલ હતું. તેઓના કાર્યક્રમ બાદ આ કાર્યક્રમની શોભામાં પોતાનો કિંમતી સમય સંમેલન માટે ફાળવી હાજરી આપનાર મુખ્ય મહેમાનશ્રી તથા અતિથિ વિશેષશ્રીઓનું જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, હિંમતનગર દ્વારા સ્વાગત કરવામાં આવેલ.

સ્વાગત બાદ દેશના સીમાડાઓની ખડે પગે રક્ષા કરતા આપણી સશસ્ત્ર સેનાઓમાં યુધ્ધમાં કે આંતકવાદીઓ સામેની કાર્યવાહીમાં માભોમની રક્ષા કાજે પોતાના પ્રાણોની આહુતી આપી માભોમ માટે શહિદ થયેલ આપણી સેનાઓના વિર જવાનોને મૌન શ્રધ્ધાંજલી આપવામાં આવી. શ્રી પલકેસ કુમાર એચ ચૌધરી, જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારી સાબરકાંઠા દ્વારા પૂર્વ સૈનિકો તથા દિવંગત સૈનિકોના ધર્મપત્નિઓને સરકારશ્રી દ્વારા મળતી વિવિધ સવલતોની માહિતી આપી હતી. તેમજ અરવલ્લી જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા શહીદ જવાનોના પરીજનોનું તથા ક્ષતીગ્રસ્ત પૂર્વસૈનિકોનું સન્માન કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમને આગળ વધારતા જિલ્લા જિલ્લા કલેક્ટરશ્રી દ્વારા પ્રવચન આપવામાં આવેલ હતુ. તથા આપણી સંરક્ષણ સેનાઓમાં ફરજ બજાવતા સૈનિકોની કામગીરીને બીરદાવી હતી અને પોતાનો સમય સંરક્ષણ સેનાઓમાં આપી નિવૃત્ત થયેલ પૂર્વસૈનિકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

# ભાભર હાઈવે ઉપર ઓવર લોડ અને રોયલ્ટી ચોરીના ટર્બો ટ્રક બેરોકટોક પસાર થાય છે

### ડબલ ચોરી થતાં તંત્ર ની ચુપકીદી




**ટ્રેન્ડ ગુજરાત , તા.૦૬**

ભાભર હાઈવે ઉપર થી ઓવર લોડ અને રોયલ્ટી ચોરીના ટર્બો ટ્રકો પુર ઝડપે બે રોકટોક પસાર થતી જોવા મળે છે તેમછતાં જવાબદાર તંત્ર ના પેટ નું પાણી હાલતું નથી જેના કારણે લોકોમાં જવાબદાર તંત્ર સામે આક્રોશ જોવા મળી રહ્યો છે. હાઈવે ઉપર પોલીસ નાના માણસો વાહનો લઈને પસાર થાય તો ગમે તે નિયમો હેઠળ હેરાન કરી દંડ વસૂલ કરવામાં આવે છે પરંતુ ઓવર લોડ અને રેતી, માટીની રોયલ્ટી ચોરી કરીને પુર ઝડપે દોડતી ટર્બો ટ્રકો સામે કોઈ કાર્યવાહી કરવામાં આવતી નથી આવી ટ્રકો સામે આંખ મિચામણા કરતાં તંત્ર સામે લોકોમાં અનેક સવાલો ઉઠી રહ્યા છે. ભાભર હાઈવે ઉપર થી દિયોદર , વાવ , રાધનપુર અને સુઈગામ તરફથી મોટી સંખ્યામાં ડબલ ગુના છુપાવતી ટર્બો ટ્રકો રોજ અનેક બે રોકટોક પસાર થઈ રહી છે.જેમા કેટલીક ટ્રકોમાં નંબર પ્લેટ પણ નથી હોતી આવી ટ્રકો રાજકીય આગેવાના આશિવાદ થી અને હપ્તા થી પસાર થતી હોવાની ચર્ચાઓ થઈ રહી છે. આ બાબતે વાવ થરાદ જિલ્લા કલેક્ટર , પ્રાંત અધિકારી અને જિલ્લા પોલીસ વડાએ તટશય તપાસ કરી ડબલ ગુના છુપાવી દોડતી ટ્રકો સામે અને સરકારી તિજોરી અને મિલકતોને નુકસાની ઉપર ઢાંક પીછોડો કરતાં સ્થાનિક જવાબદાર અધિકારીઓ સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવે તેવી લોક માંગ ઉઠી રહી છે.

### શામળાજી મહોત્સવ ૮-૯ જાન્યુઆરીએ ભવ્ય ઉજવણી કરવામાં આવશ

# મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતિમાં ૧૬૭.૮૫ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ થશે



**ટ્રેન્ડ ગુજરાત , તા.૦૬**

અરવલ્લી જિલ્લાના પ્રસિદ્ધ યાત્રાધામ શામળાજી ખાતે ૮ અને ૯ જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ભવ્ય શામળાજી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહોત્સવ દર વર્ષની જેમ આ વર્ષે પણ ભક્તિ, શક્તિ અને સંસ્કૃતિના અદ્ભુત સમન્વયનો સાક્ષી બનશે, જેમાં હજારો ભાવિક ભક્તો અને પ્રવાસીઓ ઉમટી પડશે.

શામળાજી મંદિરના પ્રાંગણમાં યોજાનાર આ બે દિવસીય મહોત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમોની રંગારંગ મેળી જોવા મળશે. ખાસ કરીને, બંને દિવસે પ્રખ્યાત ગાયકો ઓસમાણ મીર અને કિંજલ દવે તેમના ભક્તિભાવ અને લોકપ્રિય ગીતોથી વાતાવરણને ધૂમ મચાવશે, જેનાથી ભક્તોને આધ્યાત્મિક અને મનોરંજનનો અનોખો અનુભવ થશે.

મહોત્સવના બીજા દિવસે એટલે કે ૯ જાન્યુઆરીએ માનનીય મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની વિશેષ ઉપસ્થિતિમાં અંદાજે ૧૬૭.૮૫ કરોડ રૂપિયાના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ તેમજ ખાતમુહૂર્ત કરવામાં આવશે. આ વિકાસકાર્યો આદિવાસી બહુલ અરવલ્લી જિલ્લાના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે અને છેવાડાના માણસ સુધી વિકાસ પહોંચાડવાની ગુજરાત સરકારની પ્રતિબદ્ધતાનું પ્રતીક બનશે.શામળાજી મહોત્સવ ગુજરાતની સમૃદ્ધ સંસ્કૃતિ અને આધ્યાત્મિક વિરાસતને ઉજાગર કરતો એક મહત્વપૂર્ણ મહોત્સવ છે, જેમાં ભક્તો ભગવાન શામળિયાના દર્શન કરીને આનંદ અને શાંતિનો અનુભવ કરે છે. આ વર્ષનો મહોત્સવ વધુ ભવ્ય અને યાદગાર બનાવવા જિલ્લા વહીવટી તંત્ર અરવલ્લીની જાહેર જનતાને આવકારે છે

# ભિલોડા તાલુકાની ધી. મુનાઈ ગૃપ સેવા સહકારી મંડળી લિ. દ્વારા યોજાયેલ ઉદ્ઘાટન સન્માન સમારોહ

**ટ્રેન્ડ ગુજરાત , તા.૦૬**

ભિલોડા તાલુકાની ધી. મુનાઈ ગૃપ સેવા સહકારી મંડળી લિ. દ્વારા યોજાયેલ સન્માન સમારોહ તથા સંસ્થાના નવા મકાનનો ઉદ્ઘાટન કાર્યક્રમ ભિલોડા ના ધારાસભ્ય અને મંત્રી પી.સી.બરંડા ની ઉપસ્થિતિ માં યોજાયો હતો.

આ ઉદ્ઘાટન પ્રસંગે સંસ્થાના સ્થાપનાથી આજદિન સુધીના કાર્યમાં, સહકારથી સમૃદ્ધિ.. સહકારી ભાવનાથી મળેલી સિદ્ધિઓ અને ગામના લોકોના વિશ્વાસ અંગે ચર્ચા કરી હતી. અને સહકાર આધારિત



વિકાસ મોડેલ ગામડાં માટે કેટલું મહત્વનું છે. તે બાબત ઉપર ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી.

આ નવી ઈમારત સંસ્થાની વહીવટી કાર્યક્ષમતામાં વધારો કરશે. અને સભાસદોને વધુ સુવિધાઓ મળશે, જેના થકી સહકારી પ્રવૃત્તિઓ વધુ મજબૂત બનશે. મંત્રીશ્રી એ જણાવ્યું કે આજના કાર્યક્રમ માં ઉપસ્થિત રહેવા નું મને સૌભાગ્ય સાપડયુ છે. અને સૌને શુભેચ્છા પાઠવવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

આ પ્રસંગે ઉપસ્થિત તાલુકા પંચાયત પ્રમુખ ધનજીભાઈ નિનામા, તાલુકા સંગઠન પ્રમુખ મનોજભાઈ પટેલ, સાબરડેરી ના ડિરેક્ટર કાંતિભાઈ પટેલ, ભીખાભાઈ પટેલ, ગિરીશભાઈ પટેલ, સંગઠનના પદાધિકારીઓ, સંસ્થાના આગેવાનો, સભાસદો, સ્થાનિક આગેવાનો તથા ગ્રામજનોએ આ કાર્યક્રમ માં ઉત્સાહભેર હાજરી આપી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# BZ કૌભાંડ : CID ક્રાઈમે ભૂપેન્દ્રસિંહ ઝાલાના પિતા પરબતસિંહ ઝાલાની ધરપકડ થતાં કૌભાંડીઓમાં ફફડાટ




**ટ્રેન્ડ ગુજરાત , તા.૦૬**

અરવલ્લી-સાબરકાંઠા જીલ્લા સહીત સમગ્ર રાજયમાં ક્રિપ્ટો કરન્સીમાં રોકાણ કરી રાતોરાત રોકાણકારોને લાખ્ખો-કરોડો પતિ થવાના દિવ્ય સ્વપ્ર બનાવતી અનેક લેભાગુ તત્ત્વો કંપનીઓ અને ઓફિસ કે દુકાનોના શટર ખોલી બેસી ગયા હતા ગુજરાત સહિત સમગ્ર દેશમાં BZ ફાઈનાન્શિયલ સર્વિસીસ પોન્ઝી સ્કીમે ખળભળાટ મચાવ્યો હતો મ્ઢના સીઈઓ ભૂપેન્દ્ર સિંહ ઝાલા સામે ગુન્હો નોંધાયા બાદ નાસતો ફરતો હતો ૨૭ ડિસેમ્બર ૨૦૨૪ના રોજ મહેસાણા જીલ્લાના દવાડા ગામ પાસેના એક ફાર્મહાઉસમાંથી કરવામાં આવી હતી આ પોન્ઝી સ્કીમમાં કેટલાક એજન્ટ અને કર્મીઓની ધરપકડ કરાઈ હતી ત્યારબાદ એક વર્ષ પછી તેના પિતા પરબતસિંહ ઝાલાની સીઆઈડી ક્રાઈમે ધરપકડ કરી હોવાની ચર્ચાએ જોર પકડ્યું છે

BZ ફાઈનાન્શિયલ સર્વિસીસ પોન્ઝી સ્કીમના મુખ્ય આરોપી ભૂપેન્દ્રસિંહ ઝાલા અને સહ આરોપીઓ જામીન પર હાલ બહાર છે સીઆઈડી ક્રાઈમની તપાસ ધીમી પડી ગઈ હોવાની ચર્ચા વચ્ચે ભૂપેન્દ્રસિંહ ઝાલાના પિતા પરબતસિંહ ઝાલાની ઝ્રૈંઢ ક્રાઈમે ત્રણ-ચાર દિવસ અગાઉ ધરપકડ કરતા ભારે ચકચાર મચી હતી આ અંગે સીઆઈડી ક્રાઈમના પીઆઈએ પરબતસિંહ ઝાલાની ધરપકડ કરવામાં આવી હોવાની વાતની પુષ્ટિ કરી હતી

INBOX : વાંચો સમગ્ર મ્ઢ પોન્ઝી સ્કીમ પ્રકરણ..!!

૨૦૨૦થી ૨૦૨૪ સુધી મ્ઢ ફાઈનાન્શિયલ સર્વિસીસ (BZ Ponzi Scheme) અને મ્ઢ ગ્રુપના નામે ચાલતી આ સ્કીમમાં ઇંમ્ૈંની મંજૂરી વગર ડિપોઝિટ લેવામાં આવતી હતી. રોકાણકારોને વાર્ષિક ૩૦-૩૬% વ્યાજ તેમજ મોબાઇલ, ટીવી, ગોવા ટ્રિપ જેવી ગિફ્ટ્સની લાલચ આપવામાં આવતી હતી.

શરૂઆતમાં ?૬૦૦૦ કરોડનો અંદાજ હતો, પરંતુ તપાસમાં લગભગ ?૪૫૦ કરોડના રોકાણની પુષ્ટિ થઈ છે. આમાંથી ?૧૭૨ કરોડથી વધુ રકમ રોકાણકારોને પરત નથી કરવામાં આવી.૧૧,૦૦૦થી વધુ રોકાણકારો, જેમાં શિક્ષકો, ક્રિકેટર્સ (ગુજરાત ટાઇટન્સના કેટલાક ખેલાડીઓ સહિત) અને અન્ય વર્ગના લોકોનો સમાવેશ થાય છે.ભૂપેન્દ્રસિંહ ઝાલા એક મહિના સુધી ફરાર રહ્યા બાદ ઝડપાયા. તેમની પૂછપરછમાં ક્રિપ્ટોકરન્સી અને વિદેશમાં રોકાણના ખુલાસા થયા છે. ઝ્રૈંઢએ ૧૭ બ્રાન્ચીસ પર દરોડા પાડ્યા અને અનેક મિલકતો કબજે કરી છે.

### મોડાસા : ડુગરવાડા ચોકડી નજીક હિંદ પ્રોવિઝન સ્ટોરમાં

# સફી ખાનજી મોબાઈલમાં વરલી મટકાંનો જુગાર રમાડતો ઝડપાયો



**ટ્રેન્ડ ગુજરાત , તા.૦૬**

અરવલ્લી જીલ્લા સહિત મોડાસા શહેરના વરલી મટકાનો જુગાર રમાડતા ખેલીઓ હવે હાઈટેક બન્યા છે કાગળ પર આંકડા લખી રમાડતો વરલી મટકાના જુગારનું સ્થાન હવે મોબાઈલ અને લેપટોપે લીધું છે વોટ્સએપ સહિત અન્ય સોશ્યલ મીડિયા એપ્લિકેશનમાં કટિંગ લઈને જુગાર રમાડતા ખેલીઓ વધી રહ્યા છે મોડાસા ટાઉન પોલીસે ડુગરવાડા ચોકડી નજીક હિંદ પ્રોવિઝન અને પાન પાર્લરની દુકાનમાં મોબાઇલ પર વરલી મટકાંનો અંક ફેરનો જુગાર રમાડતા સફી ખાનજીને દબોચી લીધો હતો વરલી મટકાના જુગારમાં સામેલ મેઘરજના આસિફ લુહારને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા

અરવલ્લી જીલ્લા પોલીસવડાના માર્ગદર્શન હેઠળ મોડાસા ટાઉન

પીઆઈ વાળા અને તેમની ટીમે કોલેજ રોડ પર પેટ્રોલીંગ હાથધારી જુગાર અને વરલી મટકાનાં આંક ફેરનો જુગાર રમાડતા શખ્સોને ઝડપી પાડવા બાતમીદારો સક્રિય કરતા ડુગરવાડા ચોકડી નજીક હિંદ પ્રોવિઝન અને પાન પાર્લર નામની દુકનનો માલિક સફી દાઉદભાઈ ખાનજી મોબાઈલમાં વરલી મટકાના આંક ફેરનાં આંકડા લખી જુગાર રમાડતો હોવાની બાતમી મળતાં ટાઉન પોલીસ તાબડતોડ હિંદ પ્રોવિઝન અને પાન પાર્લરમાં સફી ખાનજીને મોબાઈલમાં આંક ફેરના જુગારના આંકડા લખતો રંગે હાથે દબોચી લઈ તેની પાસેથી રૂ.૪૦૦ અને મોબાઈલ મળી રૂ.૪૪૦૦નો મુદ્દામાલ જપ્ત કરી વરલી મટકાના જુગારના અસલી ખેલાડી મેઘરજના આસિફ લુહાર સામે જુગારધારા હેઠળ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધારી.

### મેઘરજ: કુણોલ પી.એમ શ્રી પગાર કેન્દ્ર જૂથ

# શાળાઓમા પ્રવચન બાદ સ્વદેશી સ્વેટર ગ્લુકોઝ બિસ્કિટસ નું વિતરણ થયું




**ટ્રેન્ડ ગુજરાત , તા.૦૬**

શ્રી એમ.એલ.ગાંધી સંચાલીત સર પી. ટી. સાયન્સ કોલેજ મોડાસા અરવલ્લી જિલ્લાના રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ અરવલ્લી વિસ્તાર ના પ્રાથમિક વર્ગ શિક્ષિત નામી એવોર્ડી ગતિવિધિ કાર્યકર્તા ડૉ. મનોજભાઈ પી.ગોંગીવાલા એ અંતરિયાળ મેઘરજ ની કુણોલ પગાર કેન્દ્ર ની સાત શાળાઓમા જરૂરિયાત વાળા બાળકો ને સ્વદેશી સ્વેટર ઓરીજીનલ ગ્લુકોઝ બિસ્કિટસ આપ્યા. પગાર કેન્દ્ર શાળાના આચાર્ય દિનેશભાઈ પંચાલ શિક્ષકો દ્વારા કાર્યક્રમ નું સુચારૂ આયોજન કરાયું હતું. એમની સાથે અહિંસા ડે ન્યૂઝ પેપર ના તંત્રી અરવિંદભાઈ પ્રણામી ઉપસ્થિત રહ્યાં હતાં.

ચૈત્રી નવરાત્રી ૨૦૨૩ થી અત્યાર સુધીમાં અધ્યાપકે અડધો કરોડ થી વધુ સ્વદેશી ગ્લુકોઝ બિસ્કિટસ જરૂરિયાત વાળા બાળકો માટે ગણવેશ જેકેટ્સ વસ્ત્ર સ્વેટર તેમજ શાળા પરિસર માટે વૃક્ષોની સેવા રાજ્ય અને રાજ્ય બહાર અઢી હજાર જેટલા કાર્યક્રમો યોજી અવિરત સેવારત છે.

**ફોર્મ નંબર URC-૨**

ભાગ-૧, અધ્યાય-XX૧ હેઠળ નોંધણી માટેની જાહેર સૂચના
(કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૩૭૪(b) અને કંપનીઓ
(અધિકૃત નોંધણી) નિયમો, ૨૦૧૪ના નિયમ ૪(૧) અનુસાર)

૧. આથી જાહેર સૂચના આપવામાં આવે છે કે કંપની અધિનિયમ, ૨૦૧૩ની કલમ ૩૬૬(૨) મુજબ , K O D E R X P E R T TECHNOLOGIES LIMITED LIABILITY PARTNERSHIP, એક એલએલપી (LLP), ને કંપની અધિનિયમ, ૨૦૧૩ના ભાગ-I, અધ્યાય-XXI હેઠળ શેર દ્વારા મર્યાદિત કંપની તરીકે નોંધણી માટે અરજિ કરવામાં આવી છે.

૨. કંપનીના મુખ્ય હેતુઓ નીચે મુજબ છે: માહિતી ટેકનોલોજી અને કમ્પ્યુટર સંબંધિત પ્રવૃત્તિઓ.

3. પ્રસ્તાવિત કંપનીનો ડ્રાફ્ટ મેમોરેન્ડમ અને આર્ટિકલ્સ ઓફ એસોસિએશન નીચેના સરનામે નિરીક્ષણ માટે ઉપલબ્ધ છે: ફ્લેટ નં. A-B-૧૯૦, સાનિધ્ય, અંબા ટાઉનશીપ સેક્ટર 3, અડાલજ, ગાંધીનગર, ગુજરાત, ભારત-૩૮૨૪૨૧.

૪.થી સૂચિત કરવામાં આવે છે કે જો કોઈ વ્યક્તિને આ અરજી અંગે કોઈ આક્ષેપ હોય, તો તેઓએ તેમના આક્ષેપને લખિત સ્વરૂપે રજીસ્ટ્રારને નીચેના સરનામે મોકલવા વિનંતી છે- ફ્લેટ નં. A-૮-૧૯૦, સાનિધ્ય, અંબા ટાઉનશીપ સેક્ટર 3, અડાલજ, ગાંધીનગર, ગુજરાત, ભારત - ૩૮૨૪૨૧, આ સૂચના પ્રસિદ્ધ થયાના ૨૧ દિવસની અંદર, તથા તેની નકલ કંપનીના નોંધાયેલા કચેરીમાં મોકલવી રહેશે.

**તારીખ :૦૫/૦૧/૨૦૨૬**

૧. ધ્વનિલ વિક્રમ ત્રિવેદી

૨. મીનાબેન વિક્રમકુમાર ત્રિવેદી

# ખેડબ્રહ્મા મુકામે યોજાયેલી શ્રીમદ દેવી ભાગવત કથાની પૂર્ણાહુતિ



ટ્રેન્ડ ગુજરાત, તા.૦૬ ખેડબ્રહ્મા શહેરમાં વાસણા સોસાયટી મુકામે યોજાયેલ દેવી ભાગવત કથાની શરૂઆત ૨૬ ડિસેમ્બર ના રોજ કરવામાં આવેલ. ભાવભક્તિ અને શ્રદ્ધા અને ડીજેના તાલે વાજતે ગાજતે શોભાયાત્રા સાથે સંગીતની સુરાવલીઓ પુરાણાચાર્ય શ્રીરાધાદાસ કશ્યપ મહારાજના શ્રી મુખેથી શરૂ થયેલ હતી,...નવ દિવસીય કથાનો લાભ ખેડબ્રહ્માના નગરજનો તથા આજુબાજુના હરિભક્તોએ એ વિશાળ સંખ્યામાં લાભ લીધો હતો. અને ભગવતી જગદમ્બાના પ્રાગટ્ય ઉત્સવ (શાકમ્ભરી પોષી પૂનમ) ના દિવસે કથા નું સમાપન કરવામાં આવેલ હતું.

જેમાં સમૂહ આરતી સમયે, નવદુર્ગા પ્રાગટ્ય સમયે દિવ્ય નજારો સર્જાયો હતો...અને આ કથાને સફળ બનાવવા માટે અનેક દાતાઓએ ભાવ ભરેલા હૈયે જહેમત ઉઠાવી... જેમાં જ્યોતિ હાઈસ્કૂલના પૂર્વાચાર્ય શ્રી સુરેશભાઈ પટેલ એ જણાવેલ કે આવા ધાર્મિક આયોજનો આપણા ધર્મ માટે અને આવનાર પેઢી માટે અનિવાર્ય છે.

### થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારના વજેગઢ ગામ પાસેથી

# ભારતીય બનાવટના વિદેશી દારૂ ભરેલ આઈસર ગાડી સાથે મુદ્દામાલ સાથે બે ઈસમોને પકડી પાડી પ્રોડી કેશ શોધી કાઢતી પેરોલ ફર્લો સ્કોડ વાવ-થરાદ



ટ્રેન્ડ ગુજરાત, તા.૦૬ પોલીસ મહાનિરીક્ષક શ્રી ચિરાગ કોરડીયા સાહેબ સરહદી રેન્જ કચ્છ ભુજ તથા વાવ-થરાદ જીલ્લા પોલીસ અધિક્ષક શ્રી ચિંતન તેરૈયા સાહેબ નાઓએ જીલ્લામાં પ્રોડી/જુગારની પ્રવૃતિ નેસ્તનાબુદ થાય તે અંગે કડક અમલવારી કરવા સુચના કરતા શ્રી આર.એસ દેસાઈ પોલીસ ઈન્સપેક્ટર ઈ.યા પેરોલ ફર્લો સ્કોડ જિ.વાવ-થરાદ નાઓના માર્ગદર્શન હેઠળ. પેરોલ ફર્લો સ્કોડ જિ.વાવ-થરાદના પોલીસ સ્ટાફના માણસો થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેરોલ ફર્લો, વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીઓની તપાસમાં હતા તે દરમ્યાન અ.પો.કો અમરસિંહ ભુરસિંહ નાઓને મળેલ ખાનગી રાહે બાતમી હકીકત આધારે થરાદ પોલીસ સ્ટેશન વિસ્તારના થરાદથી ડીસા જતા રોડ ઉપર વજેગઢ ગામ પાસે ભારત માલા રોડનાં પુલ નજીક નંબર પ્લેટ વગરની આઈસર ગાડીમાં ગેરકાયદેસર રીતે દારૂની હેરાફેરી કરતા બે ઈસમોને ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલ નં.૧૩૩૨ ૭૪૮૨૩૬/- ના મુદ્દામાલ સાથે મોબાઈલ નંગ-૩ કી.રૂ.૩૫,૦૦૦/- તથા આઈસર ગાડીની કી.રૂ.૧૮,૦૦,૦૦૦/- ના મુદ્દામાલ સાથે કુલ કી.રૂ.૨૫,૮૩,૨૩૬/- મુદ્દામાલ સાથે બે ઈસમોને પકડી પાડી દારૂ અપનાર વિરૂદ્ધ ધી પ્રોહીબીશન એક્ટ તથા એમ.વી એક્ટ મુજબની થરાદ પોલીસ સ્ટેશન ખાતે કાયદેસરની કાર્યવાહી કરેલ.

આરોપીઓ:-

(૧) જસવતસિંગ લક્ષ્મણસિંગ જાતે.પરિડાર(રાવણા રાજપુત) રહે.આંટા તા,જી.બાડમેર રાજસ્થાન

(૨) દીનેશસિંગ જાલમસિંગ જાતે. રાવણા રાજપુત રહે.ગ્રોલ તા.શિવ જી.બાડમેર રાજસ્થાન

કામગીરીમાં જોડાયેલ અધિકારી/કર્મચારી

(૧) શ્રી આર.એસ દેસાઈપોલીસ ઈન્સપેક્ટર ઈ.ચા પેરોલ ફર્લો સ્કોડ

(૨) એ.એસ.આઈ અશોકભાઈ સજાભાઈ પેરોલ ફર્લો સ્કોડ

(૩) અ.હેડ.કો વિક્રમભાઈ વસ્તારામ પેરોલ ફર્લો સ્કોડ

(૪) અ.હેડ.કોન્સ. રઘુભાઈ લક્ષ્મણભાઈ પેરોલ ફર્લો સ્કોડ

(૫) અ.પો.કોન્સ. અમરસિંહ ભુરસિંહ પેરોલ ફર્લો સ્કોડ

(૬) આ.પો.કૉન્સ. મહેશદાન દેવીદાન પેરોલ ફર્લો સ્કોડ

(૭) આ.પો.કોન્સ.જાલાજી દિવાનજી

# કોળી સમાજના આગેવાનો મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળ્યા



મહુવા, મહુવાના બગદાણામાં નવનીત બાલધિયા પર હુમલાની ઘટનાને લઈને પોલીસની કામગીરી પર અનેક સવાલો ઉઠ્યા હતા. હુમલાના બનાવને લઈને કોળી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. બગદાણા હુમલા કેસને લઈને કોળી સમાજના નેતાઓ મુખ્યમંત્રીને મળ્યા હતા. સમગ્ર કેસ મામલે તપાસ માટે SITની રચના કરાઈ છે. ગાંધીનગરમાં મંત્રી પરસોત્તમ સોલંકીના નિવાસસ્થાને કોળી સમાજના આગેવાનોની આજે(૫ જાન્યુઆરી) બેઠક મળી હતી. આ બેઠકમાં મંત્રી કુંવરજી બાવળીયા, સાંસદ અને કેન્દ્રીય મંત્રી નિમુબેન બાંભણિયા સહિત કોળી સમાજના ધારાસભ્યો અને સાંસદ હાજર રહ્યા હતા. બેઠક બાદ કોળી સમાજના ૩ સાંસદ અને ૧૫ ધારાસભ્યોએ બગદાણા કેસ મામલે ન્યાયિક તપાસની માગને લઈને મુખ્યમંત્રીને રજૂઆત કરી હતી. ગાંધીનગરમાં રજૂઆત બાદ સમગ્ર કેસની તપાસ માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ( જીૈં)ની રચના કરવામાં આવી છે.

મહુવાના બગદાણામાં મોણપર ગામ નજીક ૨૯ ડિસેમ્બરની મોડી રાતે આઠ શખસોએ યુવક પર ધોકા અને પાઈપ વડે હુમલો કર્યો હતો. જે બાદ આઠ શખસો વિરુદ્ધ ફરિયાદ નોંધાઈ હતી. પીડિત યુવકે લોકકલાકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજ પર ગંભીર આરોપ લગાવ્યા હતા. જોકે મહુવાના ઈન્ચાર્જ DYSPએ દાવો કર્યો હતો કે દારૂની બાતમી આપ્યાની શંકાના કારણે નવનીતભાઈ પર હુમલો થયો હતો. મુંબઈના એક કાર્યક્રમમાં માયાભાઈ આહીરે બગદાણા ધામના મેનેજિંગ ટ્રસ્ટીનું નામ લીધું હતું. જોકે બાદમાં નવનીત બાલધિયાએ તેમને ફોન કરીને જણાવ્યું હતું કે હજુ સુધી કોઈ પણ મેનેજિંગ ટ્રસ્ટી નક્કી કરાયા નથી. ભૂલ સમજાતા માયાભાઈ આહીરે માફી માંગતો વીડિયો બનાવ્યો હતો. જેની દાઝ રાખી માયાભાઈના પુત્ર જયરાજે હુમલો કરાવ્યો હોય તેવા આરોપ લગાવવામાં આવી રહ્યા છે.

નોંધનીય છે કે સમગ્ર કેસમાં પીડિતે લોકકલાકાર માયાભાઈ આહીરના પુત્ર જયરાજનો દોરીસંચાર હોવાનો આરોપ લગાવ્યો હતો. જોકે PI અને DYSPએ પ્રાથમિક તપાસમાં જ જયરાજની કોઈ સંડોવણી નથી તેમ કહી ક્લીનચિટ આપી હતી.


બગદાણાના નવનીત બાલધિયા ઉપર થયેલા હુમલાના મામલે પોલીસે તાત્કાલિક આઠ લોકોની ધરપકડ કરી છે. નોંધનીય છે કે, બગદાણા પોલીસ દ્વારા આઠ શખસો ઘટનાસ્થળે લઈ જઈ પંચનામુ કરી ધરપકડ કરી હતી અને રિકન્ટ્રક્શન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય સૂત્રધાર નાજુ કામળીયા, રાજુ ભમ્મર, આતું ભમ્મર, વિરેન્દ્રસિંહ પરમાર, સતીષ વનાળીયા, ભાવેશ શેલાણા, પંકજ મેર, વીરુ સેરડા તમામ આરોપીઓનું પોલીસે રિકન્ટ્રક્શન કરી વધુ તપાસ હાથ ધરી છે.

જોકે સમગ્ર મામલે પોલીસ પર ગંભીર આરોપો થતાં હોવાથી જિલ્લા પોલીસ વડાએ તાત્કાલિક અસરથી બગદાણાના PI ડી વી ડાંગરની બદલી કરીને લીવ રિઝર્વમાં મૂકી દીધા હતા.

# અમદાવાદના કોચરબ આશ્રમમાં નિયમો નેવે મૂકીને લગ્નની પાર્ટી યોજાઈ

અમદાવાદ, ગુજરાતમાં ગાંધીનું માન પણ ન જળવાયું. એક સમયે ગાંધીજી અમદાવાદના જે કોચરબ આશ્રમમાં રહેતા હતા, તે સંરક્ષિત વિસ્તારમાં લગ્નનું આયોજન થતા વિવાદ સર્જાયો છે. કોચરબ આશ્રમમા લગ્નનું આયોજન થતા વિવાદ ઉઠ્યો છે. કોચરબ આશ્રમમાં ગાંધીજીની સાદગી ભૂલાઈ અને ડીજેના તાલે લગ્ન યોજાયા છે. કોચરબ આશ્રમને પાર્ટી પ્લોટમા ફેરવી દેવામાં આવ્યો છે. ત્યારે સવાલ એ છે કે, સંરક્ષિત ઈમારતોમાં ગણાતા આ સ્થળ પર આખરે કોણે લગ્ન યોજવાની પરમિશન આપી. કોની મંજુરીથી અહીં લગ્ન યોજાયા. તો બીજી તરફ, કોચરબ આશ્રમમાં ડીજેના તાલે થયેલા લગ્ન મામલે ગુજરાત વિદ્યાપીઠના વાઈસસ ચાન્સેલરના ગોળ ગોળ જવાબો જોવા મળ્યા. ઉલ્લેખનીય છે કે, ગાંધીજીએ કોચરબ આશ્રમની સ્થાપના કરી હતી. સૌથી પહેલા મગનભાઈ ગાંધીના લગ્ન તેમણે કોચરબ આશ્રમમાં કરાવ્યા હતા. ત્યાર બાદ કોચરબ આશ્રમ અને ગુજરાત વિદ્યાપીઠ સાથે જોડાયેલા પરિવારના લોકો વિદ્યાપીઠમાં જ પારિવારિક પ્રસંગ ઉજવે છે. ત્યારે લગ્નનો પ્રસંગ કોણે અને કોની પરમિશનથી ઉજવ્યો.

ગુગુજરાત કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનિષ દોશીએ આકરો વિરોધ કરતાં કહ્યું કે, આ ગાંધીજીના વિચારો અને વિરાસત પર સીધો પ્રહાર છે. ગાંધીજીએ ૧૯૧૫માં સ્થાપેલા આ આશ્રમની રચના સાદગી, સ્વાવલંબન, અહિંસા અને આત્મશુદ્ધિના સિદ્ધાંતો પર થઈ હતી. આશ્રમના નિયમોમાં સભ્યોને શારીરિક શ્રમ, સ્વદેશી વસ્ત્રોનું પાલન કરવું જરૂરી હતું.લગ્ન જેવા વૈભવી અને ખાનગી વ્યક્તિગત કાર્યક્રમો આશ્રમના આ સિદ્ધાંતોની વિરુદ્ધ છે. કારણ કે આશ્રમ કોઈ વ્યક્તિગત ઉજવણીનું સ્થળ નહીં, પરંતુ રાષ્ટ્રીય સેવા અને સત્યાગ્રહનું કેન્દ્ર હતું. આવા કાર્યક્રમથી આશ્રમની પવિત્રતા અને શાંતિ ભંગ થાય છે, જે ગાંધીજીના વિચારોનું અપમાન છે.અહીં શારીરિક શ્રમ અને સ્વદેશીનું કડક પાલન જરૂરી હતું. વૈભવી ખાનગી કાર્યક્રમો આ સિદ્ધાંતોની વિરુદ્ધ છે, જે આશ્રમની પવિત્રતા ભંગ કરે છે અને વિરાસતનું વ્યાપારીકરણ કરે છે.આશ્રમ હાલ ગુજરાત વિદ્યાપીઠ અને સરકારી ટ્રસ્ટ હેઠળ છે. આવા કાર્યક્રમની મંજૂરી કોણે આપી તેની તપાસ અને જવાબદારી નક્કી કરવી જરૂરી છે, જેથી ગાંધીજીના આદર્શો જીવંત રહે.




# દિલ્હીમાં પોતાને ભાજપ-RSSના નેતા ગણાવતા દબંગોએ પિતા-પુત્રને માર્યા

## આ ચકચારી સમગ્ર ઘટનાનો CCTV વીડિયો અને પીડિત દીકરાની PCR કોલનો ઓડિયો પણ સામે આવ્યો છે



નવી દિલ્હી, દિલ્હીના લક્ષ્મી નગર વિસ્તારમાંથી એક અત્યંત સનસનાટીભર્યો અને શરમજનક મામલો સામે આવ્યો છે, જેણે રાજધાનીની કાયદો અને વ્યવસ્થા પર ગંભીર સવાલો ઉભા કર્યા છે. ૨ જાન્યુઆરીએ દિવસે-દહાડે, રસ્તા વચ્ચે ખુલ્લેઆમ ગુંડાગીરીનો નગ્ન નાચ જોવા મળ્યો. આરોપ છે કે પોતાની જાતને ભાજપ-આરએસએસના નેતા ગણાવતા એક શખ્સે તેના સાથીઓ સાથે મળીને એક બાપ-દીકરાને નિર્દયતાથી માર માર્યો. આ સમગ્ર ઘટનાનો CCTV વીડિયો અને પીડિત દીકરાની PCR કોલનો ઓડિયો પણ સામે આવ્યો છે, જેણે લોકોને હચમચાવી દીધા છે.

વાયરલ થયેલા CCTV ફૂટેજમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે દબંગો પહેલા પીડિત યુવકને તેના ઘરમાંથી બળજબરીથી બહાર ખેંચે છે અને પછી તેને રસ્તા પર ઢસડીને લઈ જાય છે. પીડિતની ચીસો અને કાકલૂદી છતાં, આરોપીઓ તેને સતત મારતા રહે છે. આખી ઘટના રહેણાંક વિસ્તારમાં બની હોવા છતાં અને આસપાસ ઘણા લોકો હાજર હોવા છતાં, કોઈએ પણ પીડિતને બચાવવાની હિંમત કરી નહીં. CCTVમાં આગળ દેખાય છે કે દબંગોએ યુવકને રસ્તા પર નગ્ન કરી દીધો અને પછી લાતો, મુક્કા અને થપ્પડ વડે તેને નિર્દયતાથી મારવાનું શરૂ કર્યું. આશ્ચર્યની વાત એ છે કે આ દરમિયાન રસ્તા પર હાજર લોકો માત્ર તમાશો જોતા રહ્યા.

આ મામલે પીડિત દ્વારા કરવામાં આવેલી ઁઝઇ કોલનો ઓડિયો પણ સામે આવ્યો છે, જેમાં પીડિત દીકરો પોલીસ પાસે મદદની ભીખ માંગતો સંભળાય છે. તે કહી રહ્યો છે કે, ×સર, જલ્દી આવો, આ લોકો મારા પપ્પાને મારી નાખશે...× તે એ પણ જણાવી રહ્યો છે કે તે એક કલાકથી પોલીસને ફોન કરી રહ્યો છે, પરંતુ કોઈ મદદ પહોંચી નથી. આ ઓડિયો પોલીસના રિસ્પોન્સ ટાઈમ અને સંવેદનશીલતા પર ગંભીર સવાલો ઉભા કરે છે. થોડા સમય પછી બાઈક પર પોલીસકર્મીઓ ઘટનાસ્થળે પહોંચ્યા, પરંતુ આરોપીઓ પર તેની કોઈ અસર જોવા મળી નહીં. ઝઝ્રક્રમાં જોઈ શકાય છે કે પોલીસના આવ્યા પછી પણ આરોપીઓ છાતી કાઢીને ત્યાં જ ઉભા રહ્યા. આ દ્રશ્ય દિલ્હી પોલીસની કાર્યપ્રણાલી પર ગંભીર પ્રશ્નાર્થ ચિહ્ન ઉભું કરે છે. વીડિયોમાં એક પોલીસકર્મી પીડિતને તેના કપડાં ઉઠાવીને આપતો પણ દેખાઈ રહ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ, પીડિત રાજેશ ગર્ગના ઘરમાં એક જિમ ખોલવામાં આવ્યું હતું, જેને લઈને બંને પક્ષો વચ્ચે વિવાદ ચાલી રહ્યો હતો. આરોપ છે કે આ જ જૂની અદાવતમાં દબંગોએ આ ઘટનાને અંજામ આપ્યો હતો. આ મામલે વિકાસ યાદવ, શુભમ યાદવ, ઓમકાર યાદવ અને પિન્ટુ યાદવ સહિત અન્ય લોકો વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. પોલીસે મુખ્ય આરોપી સતીશ યાદવની ધરપકડ કરી લીધી છે. જોકે, CCTV ફૂટેજમાં મારપીટ કરતા દેખાતા અન્ય ઘણા લોકો હજુ ફરાર છે, જેમની ધરપકડ માટે ત્રણ અલગ-અલગ ટીમો બનાવવામાં આવી છે. પોલીસે આ મામલે BNSSની કલમ ૧૧૫(૨), ૧૨૬(૨), ૩૨૯(૪), ૩૩૩, ૭૪, ૩૫૧(૩), ૭૯ અને ૩(૫) હેઠળ કેસ નોંધ્યો છે. આ ઘટના બાદ વિસ્તારમાં ડરનો માહોલ છે અને પીડિત પરિવાર અત્યંત ભયમાં છે.

"THIS NEWSPAPER/PERIODICAL IS PUBLISHED BY RIJVAN MANSURI FROM A 12 MULCHAND PARK, PETHAPUR, DISTRICT GANDHINAGAR, GUJARAT – 382610 ON BEHALF OF RIJVAN MANSURI, EDITED BY RIJVAN MANSURI AND PRINTED BY THAKAR ILEVAN HASMUKHRAI AT JAY GRAPHICS AND PRINTERS, C/15, VIKRAM CHAMBERS, INCOME TAX, ASHRAM ROAD, AHMEDABAD – 380009."